

## શહેર વસાહત મહાસંઘે શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરી

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા આજે સે. ૫ ખાતે સ્વ. બિપીન રાવત તથા તેમના ધર્મપત્ની સહિત કુન્નુર હેલિકોપ્ટર દુર્ઘટનામાં અવસાન પામેલા તમામ શહીદોને શ્રદ્ધાંજલી આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ તથા કોંગ્રેસ અગ્રણી નિશીત વ્યાસ સહિત સ્થાનિક કોર્પોરેટર છાયાબેન ત્રિવેદી અને શહેરના અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ સાથે વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, મહામંત્રી પ્રદિપસિંહ બિહોલા તથા હોદ્દેદારો અને સે. ૫ ના વસાહતીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા અને શહીદોને શ્રદ્ધાસુમન અર્પણ કરવા સાથે મીણબત્તી પ્રગટાવી મૌન પાળીને શહીદોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

# ૨૦૩૬ની ઓલિમ્પિકના યજમાન માટે ગુજરાત આઈ.ઓ.સી. સાથે જોડાણ માટે ઉત્સુક

**આંતરરાષ્ટ્રીય કક્ષાની આ ઇવેન્ટ માટે ૫૦ હજાર કરોડનો ખર્ચ થશે, ઔડા અને ગુડા વિસ્તારના ગામોની સરકારી જમીન અનામત કરી દેવાઇ છે : અમદાવાદ અને ગાંધીનગર પાસે ૨૨ સ્થળોએ ઓલિમ્પિક રમતો યોજાશે, કોન્સેપ્ટ પ્લાન, વિઝન અને રોડમેપની તૈયારી**

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતમાં ૨૦૩૬માં ઓલિમ્પિક મહોત્સવ યોજાવાનો છે ત્યારે સરકારે ઇન્ટરનેશન ઓલિમ્પિક કમિટી (આઇઓસી) સાથે જોડાણ કરવા માટે વાતચીત શરૂ કરી છે. અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (ઔડા) એ જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું મૂલ્યાંકન કર્યા પછી ઓલિમ્પિકની ભાવિ આવૃત્તિ માટે યજમાન શહેર તરીકે અમદાવાદની ઉમેદવારી માટે આ સંવાદ શરૂ કર્યો છે.

આ મહોત્સવ પૂર્વે અમદાવાદ અને ગાંધીનગરમાં તમામ મુખ્ય રમતો અને બિનરમતની સુવિધાનું મૂલ્યાંકન શરૂ કરવામાં આવ્યું છે જે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિની જરૂરિયાતો સાથે સંરેખિત છે. લંડન, રિયો, ટોક્યો, પેરિસ અને લોસ એન્જેલસની જેમ અમદાવાદ પણ ઓલિમ્પિક માટે બેન્ચમાર્ક બનવા જઇ રહ્યું છે. મૂલ્યાંકનના આધારે એવું અવલોકન થયું છે કે અમદાવાદ અને ગાંધીનગરમાં કુલ ૨૨ સ્થળોએ ઓલિમ્પિક રમતોત્સવનું આયોજન થશે.

ગુજરાતના મુખ્યસચિવ પંકજકુમારની અધ્યક્ષતામાં સરકારના ઉચ્ચ અધિકારીઓની સાથે સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્સલેવની સમીક્ષા કરવા તેમજ આ ઇન્ટરનેશનલ ઇવેન્ટની યજમાની માટે પ્રારંભિક માળખાકીય સંભવિતતા અભ્યાસ હાથ ધરવા માટે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં મેસર્સ પ્રાઇસ વોટર હાઉસ કૂપર્સ અને ઔડા દ્વારા નિયુક્ત આંતરરાષ્ટ્રીય કન્સલ્ટીંગ એજન્સીએ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ગેપ એસેસમેન્ટ, કોન્સેપ્ટ પ્લાન, વિઝન અને રોડમેપ પર પ્રેઝન્ટેશન આપ્યું હતું. આ ફ્રેમવર્કમાં આઇઓસી સાથે જોડાણ માટેના મુખ્ય લક્ષ્ય સાથે રોડમેપનો સમાવેશ થાય છે.

ઓલિમ્પિકના કારણે અમદાવાદને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વૈશ્વિક રમતગમત તેમજ પ્રવાસન સ્થળ બનવાની તક મળી છે જે શહેરની સંસ્કૃતિ અને તેના વારસાને પ્રદર્શિત કરશે. સૂત્રોએ જણાવ્યું હતું કે ગુજરાતમાં શિવરાજપુર બીચ અને પોળો ફોરેસ્ટ જેવા સ્થળો તેમજ ગોવા, આંદામાન-નિકોબાર ટાપુઓ તેમજ દેશના અન્ય સ્થળોએ સમાન સુવિધાઓને વોટર સ્પોર્ટ્સ, પર્વતીય રમતો અને આવી અન્ય રમતોના આયોજન માટે ધ્યાનમાં લેવામાં આવી શકે છે.

આ વર્ષના જૂન મહિનામાં રાજ્ય સરકારે સમર ઓલિમ્પિકની ભાવિ આવૃત્તિનું આયોજન કરવા માટે આઇઓસી સાથે જોડાવા અંગેના ટેન્ડર બહાર પાડ્યા હતા. એ ઉપરાંત શહેરમાં રમતગમત અને બિન રમતગમતના સ્થળોની આકારણી માટે સલાહકારો પાસેથી દરખાસ્ત મંગાવવામાં આવી હતી.

અમદાવાદમાં વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ બન્યા પછી હવે આ શહેરમાં ઓલિમ્પિક યોજવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટમાં ૫૦ હજાર કરોડ કરતાં વધુ રકમનો ખર્ચ થવાનો છે. અમદાવાદમાં ૨૦૩૬માં ઓલિમ્પિક યોજાય તે પહેલાં ૨૦૩૨માં ઓસ્ટ્રેલિયાનું બ્રિસ્બેન શહેર પ્રબળ દાવેદાર છે. એ પૂર્વે ૨૦૨૪ની ઓલિમ્પિક પેરિસમાં, ૨૦૨૮ની ઓલિમ્પિક લોસ એન્જેલસમાં યોજાવાની છે. અમદાવાદ શહેરના મોટેરા અને ચાંદખેડામાં જમીનનો સર્વે કરવામાં આવ્યો છે, જ્યારે ઔડા અને ગુડાની હદમાં આવતા ભાટ, ચાંદખેડા, સુઘડ, ઝૂંડાલ, કોટેશ્વર, મોટેરા અને નાના ચિલોડા જેવા ગામોની સરકારી જમીનના પ્લોટ અનામત રાખવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે.

મોટેરા સ્થિત નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમની ૧૦ કિલોમીટરના વિસ્તારની સરકારી જમીન અનામત રાખવામાં આવી છે. ઔડાએ મોટેરા સ્ટેડિયમની ૧૭૫ એકર જમીન અને નારણપુરાના સ્પોર્ટ્સ કોમ્પલેક્સની ૧૯.૫૦ એકર જમીન ઉપરાંત બીજી ૩૦૦ એકર જમીનની શોધ શરૂ કરી છે.

ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશન (આઇઓએ)ના પ્રેસિડેન્ટ નરિન્દર બત્રાએ થોડાં સમય પહેલાં ઇન્ટરનેશન ઓલિમ્પિક કમિટી સમક્ષ ૨૦૩૬ની સ્પર્ધા માટે ચર્ચા કરી હતી અને જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ઓપનિંગ સેરેમની માટેનું વેન્યૂ બની શકે તેમ છે. તેમણે કહ્યું હતું કે ભારતમાં ઓલિમ્પિકના આયોજન માટે અમદાવાદ સહિત દેશના ત્રણ થી ચાર શહેરોને યજમાન બનવાની બેસ્ટ તક મળવાની છે.

# ઊંઝાના ભાજપના ધારાસભ્ય આશાબેનની હાલત અતિ ગંભીર

**આશાબેન દિલ્હી ગયા હતા, જ્યાંથી પરત ફર્યા બાદ તેમને તાવ આવ્યો હતો, રિપોર્ટમાં તેમને ડેન્ગ્યુનુ નિદાન થયુ**

અમદાવાદ/મહેસાણા,તા.૧૧

મહેસાણા જિલ્લાના ઊંઝાના ભાજપના ધારાસભ્ય આશાબેન પટેલ હાલ ગંભીર હાલતમાં છે. ડેન્ગ્યુ થયા બાદ તેમનુ લીવર ડેમેજ થયુ હતું. જેના બાદ તેમની હાલત નાજુક બની છે. હાલ તેમને અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. બે દિવસ પહેલા તેમને ગંભીર સ્થિતિમાં સારવાર માટે અમદાવાદમાં લાવવામાં આવ્યા હતા.

હાલ તેઓ લાઈફ સ્પોર્ટ સિસ્ટમ પર સારવાર હેઠળ છે. ધારાસભ્ય આશાબેન પટેલના ખબર અંતર પૂછવા સીએમ ભૂપેન્દ્ર પટેલ ઝાયડ્સ હોસ્પિટલ પહોંચ્યા હતા. તો મંત્રી બ્રિજેશ મેરજા પણ તેમના હાલચાલ જાણવા પહોંચ્યા હતા. તાજેતરમાં આશાબેન દિલ્હી ગયા હતા. જ્યાંથી પરત ફર્યા બાદ તેમને તાવ આવ્યો હતો. રિપોર્ટમાં તેમને



ડેન્ગ્યુનુ નિદાન થયુ હતું. તેમને ઊંઝાની સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. પરંતુ બાદમાં તબિયત વધુ લથડતા શુક્રવારે અમદાવાદની ઝાયડ હોસ્પિટલમાં શિફ્ટ કારયા હતા.

ઝાયડ્સ હોસ્પિટલના એમડી ડોક્ટર વિઠ્ઠલભાઈ શાહે આશાબેન પટેલના હેલ્થ અપડેટ વિશે જણાવ્યુ કે, ડેન્ગ્યુના કારણે તેમનુ લીવર ડેમેજ થયુ હતું. જેથી હાલત બગડતા હાલ તેમને વેન્ટીલેટર પર રાખવામાં આવ્યા છે. આશાબેન પટેલના મોટાભાગના અંગો ફેલ થયા છે. જેમાં રીકવરની શક્યતાઓ ઓછી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સાથે મંત્રી બ્રિજેશ મેરજા પણ ઝાયડ્સ હોસ્પિટલ પહોંચ્યા હતા. બ્રિજેશ મેરજાએ હોસ્પિટલથી બહાર આવીને જણાવ્યુ હતું કે, આશાબેન હાલ બેભાન અવસ્થામાં છે. નિષ્ણાત ડોક્ટરોની ટીમ તેમની દેખરેખ રાખી રહી છે. એમના પરિવારના સભ્ય તરીકે મળવા આવ્યો હતો. જલ્દી સ્વસ્થ થાય એ માટે ભગવાનને પ્રાર્થના કરી છે.

## ગીરમાં કેરીના બગીચાઓમાં મ્હોર ન ફૂટતા ખેડૂતો ચિંતત

ગીર, તા.૧૧

ગીરના ખેડૂતોને પડી શકે છે આર્થિક ફટકો, કેસર કેરીનાં બગીચામાં મોર ફૂટવાની પ્રક્રિયા ન થતા ખેડૂતો મુંઝવણ માં. મોર ફૂટવાની પ્રક્રિયા ને લઈ ખેડૂતો આંબામાં દવાનો છંટકાવ કરી રહ્યા છે. ગીરમાં પ્રખ્યાત કેસર કેરીનું ઉત્પાદન થાય છે અને હજારો હેકટર જમીનમાં આંબાના બગીચાઓ આવેલા છે. જોકે આ કેસર કેરીના બગીચાઓ પર ચાલુ વર્ષે ઋતુનું ગ્રહણ લાગ્યું હોય તેમ લાગી રહ્યું છે. કારણ કે, સામાન્ય રીતે નવેમ્બર, ડિસેમ્બર અને જાન્યુવારી એમ ત્રણ તબક્કામાં આંબાના બગીચાઓમાં ફલાવરિંગ થવાની પ્રક્રિયા થતી હોય છે. જોકે, ઘણા ખરા બગીચાઓમાં તો દિવાળી બાદ ફલાવરિંગ થવા લાગે છે. પરંતુ ચાલુ વર્ષે ડિસેમ્બર માસ અડધો પસાર થવા આવ્યો હોવા છતાં હજુ પણ કેસર કેરીના બગીચાઓમાં મોર ફૂટવાની પ્રક્રિયા ચાલુ થઈ નથી. જેના કારણે ખેડૂતો મુંઝવણમાં મુકાયા છે. જોકે, આંબામાં મોર ફૂટવાની પ્રક્રિયા હજુ સુધી બંધ પડી હોવાથી ખેડૂતો આંબામાં દવાનો છંટકાવ કરી રહ્યા છે.

# પાટીદાર સમાજનો અને ગુજરાતના વિકાસનો ગ્રાફ સમાંતરે છે : અમિત શાહ

**વિદ્યાર્થીઓ અહી રહીને કરિયરની તૈયારીઓ કરી તેવી તમામ વ્યવસ્થા અહી છે, પાટીદાર સમાજ પુરુષાર્થી છે**

અમદાવાદ,તા.૧૧

અમદાવાદના સોલામાં ભવ્ય ઉમિયાધામનો આજે શિલાન્યાસ કાર્યક્રમ યોજાયો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં ઉમિયાધામનો શિલાન્યાસ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પણ ઉપસ્થિત રહ્યા છે. શિલાન્યાસ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમજ કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલા અને પાટીદાર સમાજના અગ્રણી સીકે પટેલ અને મણિભાઈ પટેલ સહિતના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા છે. અમિત શાહે પોતાના સંબોધનમાં કહ્યું કે, પાટીદાર સમાજનું કેન્દ્ર એવુ ઉમિયાધામ ગુજરાતની આર્થિક રાજધાની અમદાવાદમાં બનાવવાનો સંકલ્પ પાટીદાર સમાજે લીધો છે. મા ઉમિયા તમારા સંકલ્પ પૂરા કરે તેવી પ્રાર્થના છે. વિદ્યાર્થીઓ અહી રહીને કરિયરની તૈયારીઓ કરી તેવી તમામ વ્યવસ્થા અહી છે. પાટીદાર સમાજ પુરુષાર્થી છે. ૧૦૦ વર્ષોથી



કોઈ સમાજ પોતાની બુદ્ધિમત્તા અને પુરુષાર્થ ન માત્ર પોતાના સમાજને આગળ વધારે, પરંતુ પ્રદેશ અને દેશમાં પણ કેટલું મોટું યોગદાન કરે તે મોટુ ઉદાહરણ છે. તેમની ગાથા ગાવી જોઈએ. પાટીદાર સમાજનો વિકાસ અને ગુજરાતનો વિકાસ બે ગ્રાફ સમાંતરે જાય છે. ગુજરાતના વિકાસમાં પાટીદાર સમાજનુ યોગદાન ગુજરાતની ગાથા લખાશે ત્યારે સુવર્ણ અક્ષરે લખાશે. આ સમાજે અનેક ક્ષેત્રોમાં ભવ્ય પુરુષાર્થ કરીને યોગદન આપ્યું છે. વેપાર, ટેકનોલોજી, ટ્રેડિંગ, વિદેશમાં મોટેલ બધામાં પાટીદાર સમાજ છે. મારા અભિનંદન છે કે, સમાજે જે પ્રાપ્ત કર્યું છે તે સમાજ માટે ખર્ચે છે. તેનાથી દરેક સમાજને પ્રેરણા મળશે. ઉલ્લેખનીય છે કે, આજે શિલાન્યાસ બાદ ૧૨ ડિસેમ્બરે નવચંડી અને ૧૩ ડિસેમ્બરે શિલાપૂજન કરાશે. ૧૩ ડિસેમ્બરે ૫૦૧ શીલાપુજન યજમાન સાથે સવારે ૯.૩૦ કલાકે પ્રારંભ થશે.

# મેટ્રો બ્રાન્ડે આઈપીઓ અગાઉ એન્કર રોકાણકારો પાસેથી ૪૧૦ કરોડનું ફંડ મેળવ્યું

પ્રસિદ્ધ રોકાણકાર રાકેશ ઝુનઝુનવાલાનું સમર્થન ધરાવતી ફૂટવેર રિટેલર મેટ્રો બ્રાન્ડ્સ લિમિટેડએ જણાવ્યું હતું કે કંપનીએ એના આઈપીઓ અગાઉ એન્કર રોકાણકારો પાસેથી રૂ. ૪૧૦ કરોડથી વધારેનું રોકાણ મેળવ્યું છે. બીએસઈ સર્ક્યુલરમાં જણાવ્યા મુજબ, કંપનીએ ઈક્વિટી શેરદીઠ રૂ. ૫૦૦ના ભાવે એન્કર રોકાણકારોને ૮૨.૦૫ લાખ ઈક્વિટી શેરની ફાળવણી કરી છે, જેમાંથી કુલ રૂ. ૪૧૦.૨૫ કરોડનું ફંડ મેળવ્યું છે.

એન્કર રોકાણકારોમાં સોસાયટી જનરલ, ગોલ્ડમેન સાક્સ, અબુધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી, એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સ કંપની, એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ, ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ, એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ (એમએફ), આદિત્ય બિરલા સન લાઈફ એમએફ, સુંદરમ એમએફ અને આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ એમએફ સામેલ છે. પ્રાથમિક શેરના વેચાણમાં ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ રૂ. ૨૯૫ કરોડના છે તથા પ્રમોટર્સ અને અન્ય શેરધારકો દ્વારા ૨.૧૪ કરોડ ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર સામેલ છે.

આઈપીઓ મારફતે કંપનીના પ્રમોટર્સ આશરે ૧૦ ટકા હિસ્સો ઓછો કરશે. અત્યારે પ્રમોટર્સ અને પ્રમોટર ગ્રૂપ કંપનીમાં ૮૪ ટકા હિસ્સો ધરાવશે.

શેરદીઠ રૂ. ૪૮૫થી રૂ. ૫૦૦ની પ્રાઈસ બેન્ડ સાથે ઈશ્યૂ ૧૪ ડિસેમ્બરના રોજ બંધ થશે.

અપર પ્રાઈસ બેન્ડ પર પબ્લિક ઈશ્યૂમાંથી રૂ. ૧,૩૬૭.૫ કરોડનું ફંડ મળવાની અપેક્ષા છે.

ફ્રેશ ઈશ્યૂમાંથી પ્રાપ્ત ફંડનો ઉપયોગ કંપનીના નવા સ્ટોર ખોલવા માટે ખર્ચ કરવા થશે, જે કંપની 'મેટ્રો', 'મોચી', 'વોકવે' અને 'ક્રોકસ' બ્રાન્ડ્સ હેઠળ ખોલશે. ઉપરાંત સાધારણ કોર્પોરેટ ઉદ્દેશો માટે પણ ફંડનો ઉપયોગ થશે. અત્યારે કંપની સમગ્ર ભારતમાં ૧૩૬ શહેરોમાં ૫૯૮ સ્ટોર ધરાવે છે.

ઈશ્યૂની અડધી સાઈઝ ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (ઊંમ્જ) માટે, ૧૫ ટકા બિનસંસ્થાગત રોકાણકારો માટે અને ૩૫ ટકા હિસ્સો રિટેલ રોકાણકારો માટે રિઝર્વ રાખવામાં આવ્યો છે. રોકાણકારો લઘુતમ ૩૦ ઈક્વિટી શેર માટે અને પછી ૩૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકે છે.

## પડકારનો સામનો... ● પહેલા પાનાનું ચાલુ

મહેનતનો દરેક રૂપિયો યોગ્ય સમયે યોગ્ય કાર્ય કરવા માટે હોવો જોઈએ. તમારા પૈસા બગાડનારાઓને સજા થવી જોઈએ. લોકો તેમને જવાબ આપશે. જો આ નહેરનું પાણી ૨૦-૩૦ વર્ષ પહેલા મળ્યું હોત તો તેનાથી દેશની તિજોરી ભરાઈ ગઈ હોત. પોતાના બાળકોના શિક્ષણ સારી રીતે કરી શકતા.

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ પર કટાક્ષ કરતા પીએમ મોદીએ કહ્યું કે કેટલાક લોકોનું કામ માત્ર પત્તા કાપવાનું હોય છે. કદાચ તેઓએ બાળપણમાં તેમની જ ફીત કાપી હતી. પરંતુ અમારી સરકારનું કામ સમયસર પ્રોજેક્ટ પૂરો કરવાનું છે. અમે માત્ર ફીતા કાપવામાં માનતા નથી.

પીએમ મોદીએ કહ્યું કે, જનરલ બિપિન રાવત જ્યાં પણ હશે ત્યાંથી આવનારા દિવસોમાં ભારતને નવા સંકલ્પો સાથે આગળ વધતા જોશે. દેશની સરહદોની સુરક્ષા વધારવાનું કામ, દેશની સેનાઓને આત્મનિર્ભર બનાવવાનું અભિયાન, ત્રણેય સેનાઓ વચ્ચે તાલમેલ વધારવાનું કામ ઝડપથી આગળ વધતું રહેશે. ભારત દુઃખમાં છે. પરંતુ પીડા સહન કર્યા પછી પણ ન તો આપણે આપણી ગતિ રોકીશું કે ન આપણી પ્રગતિ. ભારત અટકશે નહીં. ભારત અટકશે નહીં.

પીએમ મોદીએ કહ્યું, રાષ્ટ્ર નિર્માતાઓ અને રાષ્ટ્ર રક્ષકોની આ ભૂમિ પરથી આજે હું દેશના તમામ બહાદુર યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. જેઓ ૮ ડિસેમ્બરના રોજ હેલિકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા હતા. દેશના પ્રથમ ઝઢજી જનરલ બિપિન રાવતજીનું નિધન એ દરેક ભારત પ્રેમી માટે મોટી ખોટ છે. દેશની સેનાઓને આત્મનિર્ભર બનાવવા માટે જનરલ બિપિન રાવત જે મહેનત કરી રહ્યા હતા, તેનો આખો દેશ સાક્ષી છે.

## પહેલી ટૂકડી... ● પહેલા પાનાનું ચાલુ

માટે પણ સંમતિ આપી દીધી છે. સરકારે પત્રમાં આગળ કહ્યુ હતુ કે, સંસદમાં રજૂ થનારા વીજ બિલમાં ખેડૂતો પર અસર કરે તેવી જોગવાઈઓ પર પહેલા ખેડૂતો સાથે અને બીજા સબંધિત પક્ષો સાથે ચર્ચા થશે અને એ પછી જ બિલ સંસદમાં રજૂ કરાશે.

સરકારે પત્રમાં એવુ પણ કહ્યુ છે કે, પરાળી સળગાવવાના મામલામાં ખેડૂતો સામે કોઈ પણ જાતની કાયદાકીય કાર્યવાહી કરવામાં નહીં આવે.આમ ખેડૂતોની જે પાંચ માંગણીઓ છે તેનુ સમાધાન કરવામાંઆવ્યુ છે ત્યારે હવે આ આંદોલન ચાલુ રાખવાનો કોઈ અર્થ નથી.સરકાર ખેડૂતોને અનુરોધ કરે છે કે, આંદોલન પુરુ કરવામાં આવે.

# ૧૦૦ રૂપિયે કિલો વેચાતા ટામેટા ક્યારે સસ્તા થશે

**એક કિલો ટામેટાંમાં ૮ થી ૧૦ નંગ આવતા હોય છે જેથી સરેરાશ એક ટામેટું ૧૦ રૂપિયામાં લોકોને પડે છે**

ગાંધીનગર,તા.૧૧

ગુજરાતમાં ટામેટાંના વધતા ભાવથી સ્થિતિ એવી થઈ છે લગભગ ૧૦ રૂપિયામાં એક ટામેટું મળી રહ્યું છે. ગુજરાતના મોટા શહેરોમાં ટામેટાં ૮૦ થી ૧૦૦ રૂપિયાના ભાવે એક કિલો વેચાઈ રહ્યા છે. એક કિલો ટામેટાંમાં ૮ થી ૧૦ નંગ આવતા હોય છે. જેથી સરેરાશ એક ટામેટું ૧૦ રૂપિયામાં લોકોને પડે છે. પેટ્રોલ અને ડીઝલના ભાવે એક કિલો ટામેટાં મળતા હોવાથી ગૃહિણીઓના બજેટ ખોરવાયા છે. સાથે જ હોટલ અને રેસ્ટોરન્ટમાંથી પણ ટામેટાં અદ્રશ્ય થઈ રહ્યા છે. વેપારીઓનું કહેવું છે કે માલની અછતના લીધે ટામેટાં સહિતના શાકભાજીના ભાવમાં વધારો થયો છે. ગત વર્ષે શિયાળામાં ટામેટાં ૧૦ રૂપિયાના ભાવે એક કિલો વેચાતા હતા. જેમાં આજે ૧૦ ગણો વધારો થયો છે.

કમોસમી વરસાદથી ખેડૂતોના પાક ધોવાઈ જતા માલની અછત ઊભી થઈ છે. જેથી કર્ણાટક અને મહારાષ્ટ્રમાંથી ઊંચા ભાવે ટામેટાં ખરીદવા પડે છે. રાજ્યમાં ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ ટામેટાં પાકે છે પરંતુ વાતાવરણમાં પલટો આવતા શાકભાજીનો પાક નિષ્ફળ ગયો છે. જેથી ટામેંટા સહિત ડુંગળીના ભાવમાં પણ વધારો થયો છે. આમ પાક નિષ્ફળ જતા ખેડૂતોને ભારે નુકસાન થયું છે. તો બીજી તરફ ઊંચા ભાવથી લોકો પણ લૂંટાઈ રહ્યા છે.

જેમાં વેપારીઓ અને વચેટિયા માલામાલ થઈ રહ્યા છે. ખાદ્ય અને ઉપભોક્તા બાબતોના મંત્રાલયે ટામેટાના વધતા ભાવો પર કહ્યુ હતું કે, દેશના ઉત્તરીય રાજ્યોમાંથી ટામેટાંનું આગમન ડિસેમ્બરની શરૂઆતથી શરૂ થશે, જે ઉપલબ્ધતામાં વધારો કરશે અને કિંમતોમાં રાહત આપશે.

પંજાબ, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં કમોસમી વરસાદને કારણે સપ્ટેમ્બરના અંતથી ટામેટાંના છૂટક ભાવ વધવા લાગ્યા હતા. ઉત્તર ભારતીય રાજ્યોમાંથી વિલંબિત આગમનને કારણે તમિલનાડુ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને કર્ણાટકમાં ભારે વરસાદ પડ્યો, પુરવઠો ખોરવાયો અને પાકને નુકસાન થયું. પરંતુ ડિસેમ્બર આવ્યા બાદ પણ ટામેટાના ભાવ ઘટવાના કોઈ અણસાર દેખાતા નથી. ઓછુ ઉત્પાદન સામે વધેલી માંગ અને ટ્રાન્સપોર્ટેશનની કિંમત પણ વધી હોવાથી ટામેટાની કિંમતોમાં ધરખમ વધારો થયો છે. પરંતુ જો સરકાર ટામેટાના ભાવને કાબૂમાં નહિ લાવી શકે તો તે ગૃહિણીઓના કિચનમાંથી ગાયબ થઈ જશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ